https://spvadodara.gujarat.gov.in/spvadodara/CMS.aspx?content_id=4775

## પોલીસ માળખુ :-

ગુજરાત રાજ્યમાં વડોદરા ગ્રામ્ય જિલ્લો એક મહત્વનો જિલ્લો છે. સને.૧૯૭૧ માં વડોદરાનું વિભાજન થતાં વડોદરા શહેર પોલીસ તેમજ વડોદરા ગ્રામ્ય પોલીસ દળ અસ્તિત્વમાં આવેલ ત્યારબાદ સને.૨૦૧૩ માં વડોદરા ગ્રામ્ય જીલ્લામાંથી છોટાઉદેપુર જીલ્લાનુ વિભાજન થતા છોટાઉદેપુર જીલ્લાની રચના થયેલ છે. વડોદરા ગ્રામ્ય જિલ્લો પોલીસ અધિક્ષકશ્રી કક્ષાના અધિકારી હસ્તક છે. આ જિલ્લાની રચના થતાં જિલ્લો પોલીસ અધિક્ષકના તાબામાં કાયદો અને વ્યવસ્થા તેમજ વહીવટની સંપૂર્ણ જવાબદારી આવેલ છે. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં હાલમાં મહીલા પો.સ્ટે. સહીત કુલ-૧૫ પોલીસ સ્ટેશન આવેલ છે. વડોદરા ગ્રામ્ય જિલ્લાને બે વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. આ બે વિભાગમાં વડોદરા ગ્રામ્ય ડિવિઝન અને ડભોઈ ડિવિઝન છે. આ ડિવિઝન વિભાગના વડા નાયબ પોલીસ અધિક્ષક છે. જેઓની કચેરી અનુક્રમે વડોદરા અને ડભોઈ ખાતે આવેલ છે. જિલ્લામાં આવેલ તમામ ૧૫ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેકટર કક્ષાના અધિકારી હસ્તક છે.

(૧) વડોદરા ગ્રામ્ય ડિવિઝનમાં મંજુસર, પાદરા, વડુ, ભાદરવા, સાવલી, દેસર, વડોદરા તાલુકા, વરણામા અને મહિલા પો.સ્ટે.નો સમાવેશ થયેલ છે.

(૨) ડભોઇ ડિવિઝનમાં ડભોઈ, જરોદ, વાઘોડીયા, શિનોર, ચાણોદ અને કરજણ પો.સ્ટે.નો સમાવેશ થયેલ છે.

## ઈતિહાસ :-

વિશ્વામિત્રીના કાંઠે વસેલુ શહેર એટલે વડોદરા. લોકવાયકા મુજબ વડના ઝાડ પાસે વિકસેલા નગર પરથી **'વડોદરા'** નામ પડ્યુ હોવાનું કહેવાય છે. ઈ.સ.૮૧૨ માં વડોદરાનો સૌ પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ **'વટપદ્ર'** નામથી થયો હતો. ગુજરાતેની સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરા શહેર વિશે કવિ પ્રેમાનંદે **'વીરક્ષેત્ર વડોદરુ'** કાવ્ય ગાયેલું.

## પ્રાથમીક માહિતી :-

વડોદરા જિલ્લાની સ્થાપના ૧ મે, ૧૯૬૦ ના થઈ હતી. વડોદરા જિલ્લાની ઉત્તરે ખેડા અને પંચમહાલ જિલ્લો, પુર્વમાં છોટા ઉદેપુર જિલ્લો, દક્ષિણમાં નર્મદા અને ભરૂચ જિલ્લો તથા પશ્ચિમમાં આણંદ એમ કુલ ૬ જિલ્લાની સરહદ ધરાવે છે. વડોદરા જિલ્લામાં કુલ ૦૮ તાલુકા આવેલ છે. ૧.વડોદરા ૨. પાદરા ૩.સાવલી ૪.કરજણ ૫.વાઘોડીયા ૬.ડભોઈ ૭. શિનોર ૮. દેસર

## પ્રદેશ :-

નર્મદા અને ઢાઢર નદી વચ્ચેના તથા વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ એટલે **'કાનમનો પ્રદેશ'**. વડોદરાની પુર્વે બાજુએ પાવાગઢ પર્વત આવેલ છે તથા સાતપુડા અને સહ્યાદ્રીની પર્વતમાળાનો અમુક ભાગ વડોદરા જિલ્લામાં આવેલ છે.

## નદી અને નદી કિનારે વસેલા શહેર :-

- ઢાઢર, નર્મદા, મહી, મેસરી, ભુખી, ભારજ, ઓરસંગ વગેરે......વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના કિનારે, ડભોઈ ઢાઢર નદીના કિનારે, નારેશ્વર, ચાણોદ-કરનાળી નર્મદા નદીના કિનારે આવેલ છે.
- નર્મદા નદી વડોદરા અને ભરૂચ તથા વડોદરા અને નર્મદા જિલ્લા વચ્ચે સરહદ બનાવે છે જ્યારે મહી નદી વડોદરા અને આણંદ જિલ્લા વચ્ચે સરહદ બનાવે છે.
- ગુજરાતની ચાર રામસર સાઈટ પૈકીને એક વઢવાના રામસર સાઈટ (વેટલેન્ડ,આર્દ્ર ભૂમિ) ડભોઈ તાલુકામાં આવેલ છે.

## ધાર્મિક સ્થળ :–

- નર્મદા અને ઓરસંગ નદીના સંગમ સ્થાન એટલે કે ચાંણોદ (ચાંદોદ) દક્ષિણનું કાશી તથા પિતૃ શ્રાધ્ધ માટે જાણીતુ છે.
- કરજણ તાલુકાના નારેશ્વર ખાતે નર્મદા નદીના કિનારે ઈ.સ.૧૯૨૫ ના રોજ રંગ અવધુત મહારાજે આશ્રમની સ્થાપના કરી હતી. તેઓએ **'દત્ત બાવની'** નું સર્જન કર્યું હતું, જે ૫૨ (બાવન) કડી ધરાવતી દત્તાત્રેયની સ્તુતિ છે.
- ડભોઈ તાલુકાના કાયાવરોહન ખાતે ભગવાન શિવનો ૨૮ મો અવતાર ગણાતા **'લકુલીશ'** ભગવાનનું પ્રખ્યાત મંદિર તથા પૌરાણિક ભગવાન ભીમનાથ મહાદેવનું મંદિર આવેલ છે.
- પાદરા તાલુકાના ચાણસદ ગામે સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી બોચાસણવાસી અક્ષર પુરષોતમ સંસ્થાના સંતશ્રી પ્રમુખ સ્વામી મહારાજનું જન્મ સ્થળ તથા **'નારયણ સરોવર'** આવેલ છે.
- પુજ્ય શ્રી મોટા (આશારમ ચૂનીરામ ભગત) નો જન્મ સાવલી ખાતે થયો હતો.
- શિનોર તાલુકાના કુકસ ગામે હિન્દુ–મુસ્લિમ એકતાના પ્રતીક સમા **'નાચાકાકા'** નુ મંદિર આવેલ છે.

## મહાનુભાવો :–

- કવિ દયાનંદ (દયારામ પ્રભુરામ ભટ્ટ) જન્મ–ચાંદોદ, ધીરો ભગત (ધીરા પ્રતાપ બારોટ) જન્મ–ગોઠડા, ખલીલ ધનતેજવી (ખલીલ ઈસ્માઈલ મકરાણી) જન્મ–ધનતેજ, તા.સાવલી.

## ઐતિહાસિક ધરોહર :–

- ડભોઈમાં આવેલ ડભોઈનો કિલ્લાનું નિર્માણ હીરાધરે તથા તેનો વિકાસ સિધ્ધરાજ જયસિહે કરેલ. આ કિલ્લામાં ચાર ભાગોળ (ગામ તથા કિલ્લામાં પ્રવેશ થવાનો મોટો દરવાજો અથવા પ્રવેશદ્વાર) આવેલ છે. ૧.પૂર્વમાં હીરા ભાગોળ ૨.દક્ષિણે નાંદોરી ભાગોળ ૩.પશ્ચિમે વડોદરા ભાગોળ ૪.ઉત્તરે મહૂડી ભાગોળ આવેલ છે.
- દેવ નદીના કિનારે ૩૫૦૦ વર્ષ જૂનું પ્રાચીન મંદિર તથા પેશવા પ્રતિનિધિ **'મહાસકરનો મહેલ'** આવેલ છે.
- તેન તળાવ, વિદ્યાધરની વાવ (સેવાસી), સપ્તમુખી વાવ (ડભોઈ) વણઝારી વાવ (સિસવા)

## અન્ય માહિતી :–

- વાઘોડીયાના ગોરજ ગામે **'મુનિ સેવા આશ્રમ'** ખાતે આવેલ કેન્સર હોસ્પિટલ સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.
- ડભોઈ કે જેને દર્ભાવતી, દર્ભવતી, દર્ભિકાગ્રામ અને દર્ભવતપુર જેવા પ્રાચીન નામ ધરાવે છે.
- પારૂલ અને સુમનદીપ યુનિવર્સિટી
- વાઘોડીયા ખાતે વર્ષ ૧૯૮૫ માં **'ગુજરાત સાયકલ લિમિટેડ'** નું સાયકલ બનાવવાનું કારખાનું સ્થપાયુ હતુ.
- વાઘોડીયા તાલુકાના આજવા ખાતે વિશ્વામિત્રી નદી પર **'આજવા ડેમ'** બાંધવામાં અવ્યો જે વડોદરા શહેરને પાણી પુરુ પાડે છે.

### લોકવાયકા :–

ડભોઈના કિલ્લાના શિલ્પી **'હિરાધર'** હતા. હિરાધર શિલ્પીની પ્રેમિકાનું નામ **'તેન'** હતું. તેને મહેણું માર્યુ કે, રાજ્ય માટે આટલું વિકસાવો છો તો મારા માટે કશું નહી? આ મહેણું સાંભળીને હિરાએ કિલ્લાના પથ્થરો ચોરી અને પથ્થરોની જગ્યાએ માટી ભરી દીધી અને તે પથ્થરોથી ડભોઈ થી થોડે દૂર **'તેન તળાવ'** બંધાવી દીધું. પથ્થરની ચોરી પકડાઈ જતાં રાજાએ હીરાને કિલ્લામાં જીવતો ચણી દેવા હુકમ કરેલ પરંતુ હીરાના વફાદાર સાથીઓએ જિવતો ચણતી વખતે દિવાલમાં બાકોરું રાખ્યું જેમાંથી હેરાની પ્રેમિકા ઘી ની ધાર કરતી અને જીવતો રાખ્યો હતો. કિલ્લાની આ બાજુ દરવાજાની છેલ્લી કમાન કોઈ કારીગરથી ચડે નહી અને 'હિરાધર' શિલ્પી સિવાય કોઈ ને ફાવે નહીં. હિરાના સાથીઓએ રાજા પાસેથી વચન લઈને હિરાને દિવાલમાંથી બહાર કાઢયો અને દરવાજાની કમાન બેસાડી. ઘણાં સમય સુધી ઓછી હવાથી ટેવાયેલા તેના ફેંફસા બહારની હવા સહન ન કરી શકતા તે મૃત્યુ પામ્યો. ડભોઈની આ અદ્દ્ભૂત શિલ્પવાળી કલાત્મક ભાગોળ '**હિરા ભાગોળ**' તરીકે પ્રખ્યાત થઈ.